સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૧૬-૦૪-૨૦૨૪
રજી. તારીખ : ૧૬-૦૪-૨૦૨૪
ફેસલ તારીખ : ૦૧-૦૪-૨૦૨૬
સમયગાળો : વર્ષ-માસ-દિવસ

**ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ધોરાજી.**

**ફોજદારી કેસ નં.૪૧૯/૨૦૨૪**
**આંક-**

ફરિયાદીઃ- શ્રી સરકાર,

**વિરૂધ્ધ**

આરોપીઃ- હરેશભાઇ વ્રજલાલભાઇ ઠુંમર,
રહે.મુસાફરી બંગલા પાસે, ખરાવાડ પ્લોટ, ધોરાજી.

ગુનોઃ- **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૫૦૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબ.**

---

ફરિયાદ પક્ષેઃ- વિ. એ.પી.પી. શ્રી જે.વી.જોષી
આરોપી પક્ષેઃ- વિ. વ. શ્રી ડી. આર. વૈષ્ણવ

---

**// ચુ કા દો //**

**૧.** આ કામના ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા.૦૨.૦૩.૨૦૨૪ ના રોજ કલાક-૦૯:૩૦ વાગ્યા દરમિયાન મોજે જામકંડોરણા રોડ, બીજી કેનાલ પાસે, અરવિંદભાઇ ઠાકરશીભાઇ ઠુંમરની વાડીના શેઢા પાસે, ધોરાજી ખાતે આ કામના ફરિયાદી તથા આરોપીની જમીન એક શેઢે આવેલ હોય અને આ કામના ફરિયાદીના સગા મોટાભાઇ અરવિંદભાઇ વાડીના શેઢા પાસે પાવડો લઇ કામ

કરતાં હોય ત્યારે સાહેદ અરવિંદભાઇને આરોપીએ "આ શેઢો અમારામાં આવે છે તું શું કામ ખોતરશ" તેમ કહી ગાળો આપી નેફામાંથી છરી કાઢી અરવિંદભાઇને ડાબા પડખામાં છરીનો એક ઘા મારતા પાંચ ટાંકા આવેલ હોય તેમજ ખભામાં છરીથી ઘસરકો મારતા છોલાણની ઈજા પહોંચાડી, જીલ્લા મેજી.સા.રાજકોટનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરતા ઇ.પી.કોડની કલમ-૩૨૪, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો આચરેલ છે. જે સંબંધી ફરિયાદી અલ્પેશભાઈ ઠાકરશીભાઈ ઠુંમરનાઓએ ધોરાજી તાલુકા પોલીસ મથકે ફરિયાદ કરતાં જે ફરિયાદ ધોરાજી તાલુકા પોલીસ પો.સ્ટેશને ગુ. રજી. નં.૧૧૨૧૩૦૯૫૨૪૦૦૭૩/૨૦૨૪ થી તા.૦૨.૦૩.૨૦૨૪ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરિયાદ હકીકત આધારે ફરિયાદ રજીસ્ટરે લઈ, ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તથા જરુરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂદધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થતાં અત્રેની અદાલતમાં ધારા-ધોરણસર તે કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

**૨.** ત્યારબાદ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા અને ક્રિ.પ્રો.કોડ.ની-કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે મળ્યાની ખાતરી થતા સી.આર.પી.સી.ની કલમ-૨૪૦ ની જોગવાઈ ધ્યાને રાખી આ કામના આરોપીઓ વિરૂદ્ધ તહોમતનામું આંક-૦૪ થી ફરમાવી અને તહોમતનામાના અનુસંધાનમાં આંક-૦૫ થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે જેથી આરોપી સામેની

ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

**3.** ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી અલ્પેશભાઈ ઠાકરશીભાઈ ઠુંમરની જુબાની | ૧૪ |
| ૨ | સાહેદ ભાનુબેન અરવિંદભાઈ ઠુંમરની જુબાની | ૧૬ |
| ૩ | સાહેદ કેલ્વીનભાઈ અરવિંદભાઈ ઠુંમરની જુબાની | ૧૭ |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૫ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૧૮ |
| ૩ | ઈજા અંગેનું તબીબી પ્રમાણપત્ર | ૧૯ |
| ૪ | હથિયારબંધી અંગેનું જાહેરનામુ | ૨૦ |

ફરિયાદપક્ષે આંક–૨૧ થી ક્લોઝીંગ પુરસીસ રજૂ રાખેલ છે જેમા વિશેષ પુરાવો તપાસવા માંગતા નથી અને પુરાવો પુરો થયેલાનું જાહેર કરે છે. ત્યારબાદ આ કામે આરોપીનું ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ મુખ્યત્વે ઈન્કારી કરતાં જવાબો આપી વિશેષમાં તેઓની સામે ખોટી ફરિયાદ કરેલ છે તેઓ તદ્દન નિર્દોષ છે, પોલીસે ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ. એ. પી.પી. શ્રી તથા આરોપી તરફે તેમની વિ. વ. શ્રીની મૌખિક રજૂઆતો ધ્યાને લીધી.

૪. આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –: <u>મુદ્દા ઓ</u> :–

૧. શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૨.૦૩.૨૦૨૪ ના રોજ કલાક–૦૯:૩૦ વાગ્યા દરમિયાન મોજે જામકંડોરણા રોડ, બીજી કેનાલ પાસે, અરવિંદભાઈ ઠાકરશીભાઈ ઠુંમરની વાડીના શેઢા પાસે, ધોરાજી ખાતે આ કામના ફરિયાદી તથા આરોપીની જમીન એક શેઢે આવેલ હોય અને આ કામના ફરિયાદીના સગા મોટાભાઈ અરવિંદભાઈ વાડીના શેઢા પાસે પાવડો લઈ કામ કરતાં હોય ત્યારે સાહેદ અરવિંદભાઈને આરોપીએ "આ શેઢો અમારામાં આવે છે તું શું કામ ખોતરશ" તેમ કહી ગાળો આપી નેફામાંથી છરી કાઢી અરવિંદભાઈને ડાબા પડખામાં છરીનો એક ઘા મારતા પાંચ ટાંકા આવેલ હોય તેમજ ખભામાં છરીથી ધસરકો મારતા છોલાણની ઈજા પહોંચાડી જીલ્લા મેજી.સા.રાજકોટનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરતા ઇ.પી.કોડની કલમ–૩૨૪, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૬. ફરિયાદ હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ, દલીલો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના મારા

વિગતવારના કારણો નીચે મુજબ છે.

## // કા ર ણો //

**મુદ્દા નં.૧ ની ચર્ચાઃ-**

**૭.** ફોજદારી પ્રક્રિયાની ન્યાયશાસ્ત્રનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષે તેનો કેસ સબળ વિશ્વસનીય પુરાવાથી કોઇપણ જાતની શંકારહીત પુરવાર કરવાનો હોય છે જયારે ફરિયાદપક્ષના કેસમાં વાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીપક્ષને આપવાનો હોય છે ફરિયાદપક્ષે જે મુજબ આરોપી વિરૂદ્ધ આક્ષેપ કરેલ હોય તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાપક્ષની છે તે કેસના કોઇપણ તબક્કે ઓછી થતી નથી ફોજદારી કેસની કાર્યવાહીનો પ્રારંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે અને બચાવ પક્ષ તરફથી વિશિષ્ટ પ્રકારનો બચાવ લેવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરિયાદપક્ષના પુરાવા પરથી ઉપસ્થિત થતી વ્યાજબી શંકાનો લાભ આરોપીને મળે છે.

૮. ફરિયાદપક્ષે ફરિયાદી અલ્પેશભાઇ ઠાકરશીભાઇ હુંમરનાઓને આ કામે આંક-૧૪ થી તપાસવામાં આવેલ છે જેઓએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, આરોપી હરેશભાઇ તેઓના બાપાના દિકરા ભાઇ થાય છે. હાલનો બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલો. બનાવને દિવસે તેઓ ઇસ્કોન બાલાજી ફુડ કંપનીમાં સેલ્સ એરીયા મેનેજર તરીકે ફરજ બજાવતા હોય તેઓ બગસરા હતાં તે વખતે તેઓના કાકાના દિકરા મેહુલભાઇ ઉકાભાઇ હુંમર, રહે.ધોરાજીવાળાનો આશરે અગિયારેક વાગ્યે ફોન આવેલ અને જણાવેલ કે, "તમારા ભાઇ અરવિંદભાઇ અને તમારા બાપાના દિકરા

હરેશભાઈને વાડીએ માથાકુટ થયેલ છે અને આ બનાવમાં અરવિંદભાઇને ઝપાઝપીથી ઈજા થયેલ હોય અમો જુનાગઢ લઇ જઇએ છીએ". જેથી તેઓ સીધા જુનાગઢ સરકારી દવાખાને ગયેલા અને ત્યાં પોલીસ આવતા તેઓએ બોલાચાલીની ફરિયાદ આપેલી. જે ફરિયાદ તેઓને બતાવાવમાં આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓના ભાઇ અરવિંદભાઈ અને હરેશભાઈ વચ્ચે સામાન્ય બોલાચાલીથી વિશેષ કોઇ બનાવ બનેલો ન હતો. અરવિંદભાઈ આ બનાવ બન્યાના પાંચ મહિના બાદ હાર્ટ અટેક આવવાના કારણે અવસાન પામેલ છે. જેઓના મરણનો દોખલો તેઓએ આંક-૧૧ થી તથા મૃત્યુના કારણનો રીપોર્ટ આંક-૧૨ થી રજૂ કરેલ છે તે જ છે. આથી વિશેષ કોઇ હકીકત તેઓએ તેમની ફરિયાદમાં લખાવેલ નથી. તેઓના ભાઇને હરેશભાઇએ કોઇ હથિયારથી માર મારેલ હોય તેવું બનેલ નથી. તેઓને યાદ કરાવવા છતાં વિશેષ કાંઇ હકીકત યાદ આવતી નથી. ઉપરોક્ત ફરિયાદીને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર ફરિયાદીની ઉલટતપાસ કરવા છતા પંચનામાની કે ફરિયાપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

સદર ફરિયાદીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, તેઓને આરોપીઓ સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલું છે. તેઓના ભાઇને આરોપી સાથે સામાન્ય બોલાચાલીથી વિશેષ કોઇ બનાવ બનેલ નથી. આરોપીએ તેઓના ભાઇને ભુંડી ગાળો આપેલ નથી કે કોઇ હથિયારથી માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. તેઓના ભાઇએ ડોકટર

સાહેબને પણ તેઓ અકસ્માતે પડી જતા તેમને પડખામાં ઈજા થયેલાનું જણાવેલું તેમને કોઇ માર મારવામાં આવેલ નથી. પોલીસે તૈયાર લખેલ કાગળમાં તેઓની સહી લીધેલ તે તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેઓને વંચાવેલ નથી. કહેવાતા બનાવ સમયે તેઓ હાજર ન હોય જેથી તેઓએ બનાવ નજરે જોયેલ ન હોય જેથી બનાવ અંગે તેઓને જાત-માહિતી નથી. તેઓના ભાઈ અરવિંદભાઈ બીમારીને કારણે અવસાન પામેલ છે.

૯. ફરિયાદપક્ષે સાહેદ ભાનુબેન અરવિંદભાઈ ઠુંમરનાઓને આ કામે આંક-૧૬ થી તપાસવામાં આવેલ છે જેઓએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, આરોપી હરેશભાઈ તેઓના કૌટુંબિક જેઠ થાય છે. હાલનો બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલો. બનાવને દિવસે તેઓના ધણી અરવિંદભાઈ તેઓની વાડીએ સવારમાં ગયેલ હતાં તે દરમિયાન તેઓના પતિ અને હરેશભાઈને સામાન્ય બોલાચાલી અને ઝપાઝપી થયેલી. આ ઝપાઝપીમાં તેઓના પતિ અરવિંદભાઈ પડી જતાં તેઓને પડખામાં પથરો લાગી ગયેલા. બાદ તેમને જુનાગઢ દવાખાને સારવાર માટે લઈ ગયેલા. ત્યારબાદ તેઓના દિયર અલ્પેશભાઈએ બનાવ સંબંધે ફરિયાદ આપેલ જેથી પોલીસે તેઓની પુછપરછ કરેલ. ઉપરોકત સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં ફરિયાપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં

કબુલ રાખે છે કે, તેઓને આરોપીઓ સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. તેઓના પતિને આરોપી સાથે સામાન્ય બોલાચાલીથી વિશેષ કોઇ બનાવ બનેલ નથી. આરોપીએ તેઓના પતિને ભુંડી ગાળો આપેલ નથી કે કોઇ હથિયારથી માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. તેઓના પતિએ ડોકટર સાહેબને પણ તેઓ અકસ્માતે પડી જતા તેમને પડખામાં ઈજા થયેલાનું જણાવેલું તેમને કોઇ માર મારવામાં આવેલ નથી. પોલીસે માત્ર તેઓનું નામ-સરનામુ જેવી ઔપચારીક બાબતો પુછેલી તેથી વિશેષ કોઇ હકીકત તેઓએ પોલીસને લખાવેલ નથી. કહેવાતા બનાવ સમયે તેઓ હાજર ન હોય જેથી તેઓએ બનાવ નજરે જોયેલ ન હોય જેથી બનાવ અંગે તેઓને જાત-માહિતી નથી. તેઓના પતિ અરવિંદભાઇ બીમારીને કારણે અવસાન પામેલ છે.

**૧૦.** ફરિયાદપક્ષે સાહેદ કેલ્વીનભાઇ અરવિંદભાઇ ઠુંમરનાઓને આ કામે આંક-૧૭ થી તપાસવામાં આવેલ છે જેઓએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, આરોપી હરેશભાઇ તેઓના કૌટુંબિક બાપા થાય છે. હાલનો બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલો. બનાવને દિવસે તેઓના પપ્પા અરવિંદભાઇ તેઓના વીડે સવારમાં ગયેલ હતાં તે દરમિયાન તેઓના પપ્પા અને હરેશભાઇને સામાન્ય બોલાચાલી અને ઝપાઝપી થયેલી. આ ઝપાઝપીમા તેઓના પપ્પા અરવિંદભાઇ પડી જતા તેમને પડખામાં પથરો લાગી ગયેલા. બાદ તેમને જુનાગઢ દવાખાને સારવાર માટે લઇ ગયેલા. ત્યારબાદ તેઓના કાકા અલ્પેશભાઇએ બનાવ સંબંધે ફરિયાદ આપેલ જેથી પોલીસે તેઓની પુછપરછ કરેલ. ઉપરોકત સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતાં વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસ

કરવા છતાં ફરિયાપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, તેઓને આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. તેઓના પપ્પાને આરોપી સાથે સામાન્ય બોલાચાલીથી વિશેષ કોઇ બનાવ બનેલ નથી. આરોપીએ તેઓના પપ્પાને ભુંડી ગાળો આપેલ નથી કે કોઇ હથિયારથી માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. તેઓના પપ્પાએ ડોકટર સાહેબને પણ તે અકસ્માતે પડી જતાં તેમને પડખામાં ઈજા થયેલાનું જણાવેલું તેમને કોઇ માર મારવામાં આવેલ નથી. પોલીસે માત્ર તેઓનું નામ-સરનામુ જેવી ઔપચારિક બાબત પુછેલી તેથી વિશેષ કોઇ હકીકત તેઓએ પોલીસને લખાવેલ નથી. કહેવાતા બનવા સમયે તેઓ હાજર ન હોય જેથી તેઓએ બનાવ નજરે જોયેલ ન હોય જેથી બનાવ અંગે તેઓને જાત-માહિતી નથી. તેઓના પપ્પા અરવિંદભાઈ બીરામીને કારણે અવસાન પામેલ છે.

**૧૧.** હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા તેમના આક્ષેપિત કથનો મુજબની હકીકતોને ધ્યાને લેતાં, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ મુજબ ફરિયાદપક્ષ દ્વારા તેમનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો હોય છે અને આરોપી વિરૂધ્ધના ટ્રાયલની શરૂઆત આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવાની હોય છે. સિવાય કે, ફરિયાદપક્ષ દ્વારા આરોપી વિરૂધ્ધનું તહોમત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં આવે. આ સબંધે અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચે મુજબનો અદાલતી ચુકાદો ધ્યાને લીધેલ છે. સદર કામે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ કાયદાના સિદ્ધાંતોને ધ્યાનમાં લેવા જરૂરી જણાય છે, તેમા "**Raj**

**Kumar Singh v. State of Rajasthan" AIR** 2013 **SUPREME COURT** 3150 ના કેસમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

"17. Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that 'may be proved' and 'will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason, that the mental distance between 'may be' and 'must be' is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof."

**૧૨.** આ સબંધે અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચે મુજબનો અદાલતી ચુકાદો ધ્યાને લીધેલ છે. સદર કામે નામદાર સર્વોચ્ચ અદાલત દ્બારા પ્રસ્થાપિત કરવામાં આવેલ કાયદાના સિધ્ધાંતને ધ્યાનમાં લેવા જરૂરી જણાય છે. તેમા, નામદાર સર્વોચ્ચ અદાલતને તેમના નીચેના ચુકાદામાં **"Sohan v. State of Haryana, AIR** 2001 **(SC)** 1380" એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

"21. An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the

prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence."

આમ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ ફરિયાદપક્ષને કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપી ઉપર તે પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનું નકારાત્મક બોજો નાખી શકાય નહી.

**૧૩.** સદર કામે રજૂ રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો જોતા તપાસવામાં આવેલ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થનકારી જુબાની આપેલ નથી. આ કામે તપાસવામાં આવેલ સાહેદોએ તેમની જુબાનીમાં બનાવ અંગેની માહિતી આપેલ છે, પરંતુ આરોપીએ ગુન્હો કર્યાની હકીકતો જેવી કે, બનાવ સમયે આરોપીએ ફરિયાદીને માર મારી ઈજા કરેલ હોય કે ગાળો આપેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન કરતી કોઈ હકીકતો જણાવેલ નથી. આમ, સાહેદોની જુબાની પરથી ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળતું ન હોય સાહેદોની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ નીવડતી નથી. જેથી ફરિયાદપક્ષે જે પુરાવો લેવામાં આવેલ છે તે આધારે આરોપી સામે હાલનો ગુન્હો પુરવાર થતો નથી. વધુમાં, ફરિયાદપક્ષને સમર્થન મળે અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષે સદર કામે રજૂ થયેલો નથી. જેથી આરોપીને પુરાવાના અભાવે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરિયાદપક્ષે

મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય "**નકાર**" માં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## // <u>આ ખ રી હુ ક મ</u> //

**૧.** આ કામના આરોપી હરેશભાઇ વ્રજલાલભાઇ ઠુંમર, રહે.મુસાફરી બંગલા પાસે, ખરાવાડ પ્લોટ, ધોરાજીનાઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અપીલ સમય બાદ, સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો ધારા ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** આરોપીના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તારીખઃ–૦૧, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ-ધોરાજી.
તા.૦૧/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)